# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર.૨૪૨/૨૦૨૪૨૫, લેબૉરેટરી આસિસ્ટન્ટ (ભૌતિક જુથ), વર્ગ–૩ સંવર્ગની

## સુધારા જાહેરાત અન્વયે ઓન–લાઇન અરજી પત્રક કરવા અંગેની સૂચના

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગૃહ વિભાગના તાબા હેઠળની નિયામક,ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી હસ્તકની, ની **લેબૉરેટરી આસિસ્ટન્ટ (ભૌતિક જુથ)** ,વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે તા.૨૮/૦૮/૨૦૨૪ ના રોજ વિગતવાર જા.ક્ર. ૨૪૨/૨૦૨૪૨૫ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઉક્ત જાહેરાતમાં તા.૨૭/૦૩/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરેલ સુધારા જાહેરાત અન્વયે આર્થિક રીતે નબળા વર્ગના, સા.શૈ. પ.વર્ગની મહિલા ઉમેદવારો તથા માજી સૈનિક ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શકે તે માટે ઓન–લાઇન અરજી પત્રક રજીસ્ટર્ડ કરવા માટેનો સમય તા.૨૩/૦૪/૨૦૨૫ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૦૭/૦૫/૨૦૨૫ (રાત્રિના ૨૩:૫૯ કલાક) સુધીનો તથા પરીક્ષા ફી ભરવા માટેનો **તા.૦૯/૦૫/૨૦૨૫** (રાત્રિના ૨૩:૫૯ કલાક) સુધીનો રાખવામાં આવેલ છે.

**વિશેષ નોંધ:**

**(૧)ઉક્ત કેટેગરીના ઉમેદવારો સિવાય કોઇ પણ ઉમેદવાર ફરીથી/નવેસરથી અરજી કરી શકશે નહી.**

**(૨) સુધારા જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ મુજબ અનુ.જાતિના માજી સૈનિક ઉમેદવારો અરજી કરી શકશે નહિ.**

આ માટે ઉમેદવારોએ "https://ojas.gujarat. gov.in" વેબસાઈટ પર તા.૨૩/૦૪/૨૦૨૫ બપોરના ૧૪–૦૦ કલાકથી તા.૦૭/૦૫/૨૦૨૫ રાત્રીના ૨૩–૫૯ કલાક દરમ્યાન ઓન–લાઈન અરજી કરવાની રહેશે. વિશેષ વિગતો માટે મંડળની વેબસાઇટ "https://gsssb.gujarat.gov.in" અને https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર મુકવામાં આવેલ વિગતવાર જાહેરાત જોઈ લેવા જણાવવામાં આવે છે.

મુળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર **તા.૧૬/૦૯/૨૦૨૧ થી તા.૧૫/૦૯/૨૦૨૪** દરમ્યાન મેળવેલ હોવું જોઇશે. તથા **S.E.B.C.** કેટેગરી (સા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨/૨૦૨૨–૨૩/૨૦૨૩–૨૪ ની આવકના આધારે રાજય સરકારની નોકરી માટે (પરિશિષ્ઠ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં) મુજબ કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ **તા.૦૧/૦૪/૨૦૨૨ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૫/૦૯/૨૦૨૪** સુધીમાં મેળવેલ હોવું જોઇશે.

વય મર્યાદા અને શૈક્ષણિક લાયકાત માટે મુળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિર્ધારિત કટઓફ તા.૧૫/૦૯/૨૦૨૪ની રહેશે. આ જાહેરાતની અન્ય તમામ જોગવાઇઓ/બાબતો જા.ક્ર. ૨૪૨/૨૦૨૪૨૫, તા.૨૮/૦૮/૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં તથા તા.૨૭/૦૩/૨૦૨૫ના રોજ પ્રસિધ્ધ કરેલ સુધારા જાહેરાત દર્શાવ્યા મુજબ યથાવત રહેશે, જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**સ્થળ:** ગાંધીનગર

**તારીખ:** ૨૨/૦૪/૨૦૨૫

**સચિવ**

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**